# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત
**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**
( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૮ | જાન્યુઆરી-૧૭થી માર્ચ-૨૦૧૭ | ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✲ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૫૪

✲ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ પારેખ
(ગ્રંથપાલ)

✲ **સહ તંત્રીશ્રીઓ :**
ડૉ. ગોવિંદ સી. કાછીઆ
(આમંત્રિત)
ડૉ. ગિરીશ ચૌધરી
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી.જોષી
શ્રી પરેશ પટેલ

✲ **વિદ્યાર્થી સંપાદકો :**
પટેલ જીંકલ આર.
ચુનારા અરૂણ એસ.

✲ **ફોટોગ્રાફર :**
શ્રી રાજુલ એસ. પરમાર

✲ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ
એન્ડ સાયન્સ કોલેજ,
પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com

તંત્રીશ્રીની કલમે....

## અનુકરણ

અનુકરણનો અર્થ છે નકલ કરવી. બાળકો પણ પોતાના તમામ નિત્ય કર્મોમાં મોટેરાઓનું અનુકરણ કરીને શીખે છે. જ્યાં ગાય વગેરે પશુઓનાં બચ્ચાં પેદા થતાં જ કૂદકા મારવા લાગે છે, ત્યાં મનુષ્યનું બાળક લગભગ એક વર્ષનું થાય ત્યારે અનુકરણ દ્વારા ચાલવાનું શીખે છે. જો કોઈ બાળકને સમાજથી અલગ કરીને રાખવામાં આવે તો તે કોઈનું પણ અનુકરણ કરી શકવામાં અસમર્થ હોવાને કારણે અસહાય અને અજ્ઞાનની સ્થિતિમાં જ રહી જશે. શિશુને કોઈપણ ક્રિયા શીખવવા માટે પૂછવાની જરૂર નથી હોતી, તે ફક્ત અન્ય લોકોનું અનુકરણ કરીને શીખી જાય છે. અનુકરણ દ્વારા જ આપણે આપણી માતૃભાષા શીખી શકીએ છીએ. આપણે આપણી આસપાસ વિભિન્ન પ્રકારની જીવન શૈલીઓ જોઈને તેની નકલ કરવા માગીએ છીએ. સમાજમાં ઉચ્ચ શ્રેણીના લોકો જે પ્રકારનું ખાનપાન, ઉઠવું-બેસવું વગેરે વ્યવહાર કરે છે, તેની જ નકલ કરવા માગે છે અને એ નથી વિચારતા કે આ પ્રકારનો વ્યવહાર આપણી જીવન પદ્ધતિને અનુકૂળ છે કે નહિ. આપણે જોઈએ છીએ કે અનુકરણ માટે એ કાર્ય વ્યવહારનું આપણા માટે અનુકૂળ હોવું પણ આવશ્યક છે. આજે આખા સંસારમાં ઈન્ટરનેટના માધ્યમથી વિભિન્ન પ્રકારની જીવનશૈલીઓ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને કારણે પાશ્ચાત્ય દેશોના આચાર-વિચારો અને રીતભાતોની નકલ કરવાની હોડ જામી છે. ત્યાં સુધી કે ગૃહસ્થ જીવનમાં કરાતાં અત્યંત અંગત અને ગોપનીય વ્યવહારોને પણ જાહેરમાં અને સામૂહિક રૂપે કરવામાં ગૌરવ માનવમાં આવે છે. આપણે આપણી સભ્યતા અને સંસ્કૃતિના મૂળ તત્ત્વોને સદાય યાદ રાખતાં આ ઘેટાચાલથી ખુદને બચાવવા જોઈએ.

એક સમય હતો જ્યારે આપણા આદર્શ ભગવાન રામ, કૃષ્ણ, આપણા શિક્ષક, જીવનમાં સફળતા પ્રાપ્ત કરનારા ખેલાડી, વૈજ્ઞાનિક કે સૈનિક રહેતા, પરંતુ હવે તેમનું સ્થાન ફિલ્મી સિતારાઓએ લઈ લીધું છે. આપણે ભાવિ પેઢીને એ પ્રકારે શિક્ષણ આપવું જોઈએ કે એ સ્વયં વિવેકશીલ બને અને આપણી સભ્યતા અને સંસ્કૃતિ અનુસાર પોતાનો આદર્શ સ્થાપિત કરીને તેનું અનુકરણ કરે. આપણા શાસ્ત્રોમાં કહેવાયું જ છે મહાજન એટલે ગુણીલોકો જે માર્ગે જાય છે, તે શ્રેષ્ઠ માર્ગ છે. આપણે તેમનું જ અનુકરણ કરતાં ચાલવું જોઈએ.

- સંકલન
- પરેશ પટેલ

# મજબૂત લોકશાહી મતદાનની ભૂમિકા

લોકશાહીની બોલબાલા આજકાલ બધે છે. દુનિયાનો કોઈપણ દેશ એવો નહિ હોય કે જ્યાં લોકશાહીનો જયજયકાર નહિ કરાતો હોય! બધા જ જાણે લોકશાહીને વરેલા! લોકશાહીમાં બોલવાનો-વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળેલો છે. પરંતુ તેનાથી કંઈ લોકશાહી સિધ્ધ થતી નથી. વ્યક્તિના ગૌરવથી લોકશાહી શોભે છે. વ્યકિત એટલે તેનું સમગ્ર વિકસિત વ્યકિત્વ. એની પ્રતિષ્ઠા લોકશાહીમાં થાય છે. આમ, વ્યક્તિના અભિપ્રાયનું લોકશાહીમાં મોટું મૂલ્ય છે.

લોકશાહીની બીજી ખાસિયત એ છે કે લોકસંકલ્પ વડે લોકહિત સિધ્ધ કરવાનો પ્રયત્ન અને પુરુષાર્થ લોકશાહીમાં થતો હોય છે.લોકો મૂંગા રહે એ લોકશાહીમાં કદાપિ  ના ચાલે! લોકો વિચારતા થાય, સમજતા થાય, બોલતા થાય ત્યારે લોકશાહીની તાકાત મળે છે. તાજેતરમાં ગુજરાતમાં થયેલ દલિત સમાજ આંદોલ અને અનામત માટેનું પટેલ સમાજ આદોલન એ તંદુરસ્થ લોકશાહીના ઉદાહરણો છે. લોકમતથી જ લોકશાહીનો વિકાસ થાય છે.

પ્રાચીન ભારતમાં લોકશાહી રાજ્યવ્યવસ્થા અસ્તિત્વમાં હતી તેને માટે 'ગણ-રાજ્ય' શબ્દ પ્રયોજાતો હતો. અનેક વ્યક્તિઓના બનેલા શાસનને ગણરાજ્ય તરીકે ઓળખવામાં આવેલું હતું. ઈ.સ. પૂ. ૬૦૦ થી ઈ.સ. ૪૦૦ સુધીના ગાળામાં આવા ગણતંત્રોની ચડતી પડતીનો ઇતિહાસ મળી આવે છે. પ્રાચીન ભારતની આ મહત્ત્વની શાસન પધ્ધતિ હતી.

રોમન પ્રજાએ પ્રારંભે પ્રજાસત્તાક વ્યવસ્થાનું દૃષ્ટાંત ઊભું કર્યું. જાહેર સંબધોને લગતી બાબતો માટે Republic શબ્દ પ્રયોગ કરી રોમનોએ પ્રજાસત્તાક, લોકશાહી ઢબના રાજ્યની ભેટ ધરી સને ૧૨૧૫ માં ઈંગ્લેન્ડનાં તે વખતના વિચારશીલ અને જાગૃત પ્રજાજનોએ રાજા જાને પાસેથી ''મેગ્ના-કાર્ય'' ખતપત્ર પર સહી-સિક્કા કરાવી સ્પષ્ટ કર્યું કે દરેક માનવીને વિચાર-સ્વાતંત્ર્ય વિવેક-સ્વાતંત્ર્ય અને ધર્મ-સ્વાતંત્ર્યનો અધિકાર છે. રાજ્યની સત્તા મનસ્વી હોઈ શકે નહિ. ૧૮મી સદીમાં ફ્રાન્સમાં પણ લોકશાહીના વિચારોનો પવન ફૂંકાવા લાગ્યો. ફ્રેન્ચની લોહિયાળ કાન્તિમાં અંતે રાજાને બંધારણ સ્વીકારવાની ફરજ પડી. સ્વતંત્રતા, સમાનતા અને બધુતાના માનવ અધિકારોની ઘોષણા ફ્રાન્સે કરી. અમેરિકામાં પણ લોકશાહીની અનોખી પ્રમુખ પધ્ધતિ વિકસાવી.

રાજકીય વ્યવસ્થામાં લોકશાહી વ્યવસ્થાનાં મૂળ પ્રાચીન ગ્રીસના એથેન્સ નગરમાં પડેલાં  છે. નગરરાજ્યોમાં એથેન્સનું નગરરાજ્ય લોકશાહીને વરેલું હતું. એન્થેન્સવાસીઓએ demos અને kratos શબ્દો પ્રયોજી "Democracy" ડેમોક્રેસી  શબ્દ પ્રયોગ અને વ્યહવાર જગતને ભેટ ધર્યો.

**લોકશાહીની વ્યાખ્યા :-**

લોકશાહીની જાતજાતની વ્યાખ્યાઓ અને ભાત-ભાતના અર્થઘટનો થયા છે. કેટલાક વિચારકો તેને પ્રજાકીય સાર્વભમોત્વ તરીકે ઓળખાવે છે. અન્યના મતે લોકશાહી એટલે ભૂલો કરવાનો અધિકાર. બહુમતીના શાસનનો અધિકાર લોકશાહીની કોઈ સ્પષ્ટ  પરિપૂર્ણ કે ચોક્કસ વ્યાખ્યા નથી.

અબ્રાહમ લિંકને બહુ થોડા શબ્દોમાં લોકશાહીનો સરસ પરિચય આપ્યો છે. '' લોકોનું લોકો દ્વારા અને લોકો માટેનું રાજ એટલે લોકશાહી'' લોકશાહી સંચાલનમાં પુખ્તઉંમરના બધા સ્ત્રી-પુરુષો ભાગ લઈ શકે છે એ માટે દરેક વ્યક્તિને મતાધિકાર આપવામાં આવ્યો છે.લોકશાહીની મહાત્મા ગાંધીજીએ આપેલી વ્યાખ્યા પણ લોકશાહીંનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. " Democrasy is not a state in which People act like sheep under democrcy'. Individual liberly of opinion and action is jealously gucarded'.

**લોકશાહીના પ્રકાર :-**

લોકશાહીના રાજ્યતંત્રના બે પ્રકાર છે.

**(૧) સંસદીય લોકશાહી :-**

લોકશાહિના આ મહત્ત્વના પ્રકારનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. બ્રિટન-બ્રિટનની સંસદીય લોકશાહી અર્વાચીન યુગની સૌથી જૂની લોકશાહી છે. સંસદ તેનો સર્વાચ્ચય ઘટક છે. સંસદીય લોકશાહીમાં રાજ્યનું સંચાલન કરતું મંત્રીમંડળ કે પ્રધાનમંડળ સંસદને જવાબદાર હોય છે. આ પ્રધાનમંડળ સંસદની બહુમતીનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા પર રહી શકે છે.

**(૨) પ્રમુખગત લોકશાહી :-**

લોકશાહીનો બીજો પ્રકાર પ્રમુખગત લોકશાહીનો છે. તેનું ઉત્તમ ઉદાહરણ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા છે. આ પ્રકારની લોકશાહીમાં પ્રમુખ વહીવટી અને બંધારણીય વડા ગણાય છે. તેથી મંત્રીમંડળ તેને આધીન હોયછે. અમેરિકાના નાગરિકોના મૂળભૂત અધિકારોની બાંહેધરી આપવામાં આવી. કદની દષ્ટિએ આ એક અતિ ટૂંકો લેખિત અને સર્વોપરી દસ્તાવેજ છે. અમેરિકાની કેન્દ્ર સરકાર ત્રણ ઘટકો ધરાવે છે. કોંગ્રેસ તેની ધારાસભા છે. તેના બે ગૃહો નીચલું ગૃહ અને ઉપલું ગૃહ એનેટ તરીકે ઓળખાય છે. ગૃહની મુદત બે વર્ષની હોય છે. પ્રમુખ અને મંત્રીમંડળ તેની કારોબારી છે. અને સર્વોચ્ચ અદાલત તેના ન્યાયતંત્રની પ્રમુખ સંસ્થા છે. આમ પ્રમુખગત લોકશાહી સંસદીય લોકશાહી કરતાં તદ્દન જુદા સિધ્ધાંતોના આધારે કામ કરે છે.

**લોકશાહીના લક્ષણો :-**

(૧) ભારતની લોકશાહી સંસદીય પ્રકારની છે. તે દ્વિગૃહી છે. તેની રચનામાં ભારતના રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભા ઉપલું ગૃહ અને લોકસભા નીચલા ગૃહ વહીવટ કરે છે. (૨) આ લોકશાહી સરકાર લોકોએ ચૂંટેલી સંસદને જવાબદાર હોય છે. (૩) આમાં સરકારના કાયદા સર્વોપરી હોય છે. વડાપ્રધાથી લઈ ને સામાન્ય નાગરિક સૌને બંધનકર્તા હોય છે. (૪) લોકોના મૂળભૂત અધિકારીના રક્ષણ માટે બધા પ્રકારનું સ્વાતંત્ર્ય જેમ કે વિચાર-વાણી, સંગઠન,

લેખન ધર્મ વગેરે. (૫) લોકશાહીમાં ન્યાયતંત્ર સરકાર અને ધારાસભથી સ્વતંત્ર હોય છે. (૬) લોકશાહીમાં પુખ્તવયના બધાને મતાધિકાર આપવામાં આવે છે. (૭) લોકશાહીમાં કોઈપણ જાતના ભેદભાવ વિના ઉમેદવાર ચૂંટણી લડી શકે તેવી જોગવાઈ હોય છે. (૮) લોકશાહી એ મહત્ત્વનો દસ્તાવેજ હોવાથી તેનું લેખિત બંધારણ હોવું જરૂરી છે. (૯) લોકશાહીમાં પક્ષ પધ્ધતિ અનિવાર્ય છે. (૧૦) લોકશાહીમાં સ્વંયસંચિત દ્વારા નિર્ણય લેવાય છે. લોકશાહીમાં નાગરિક જીવનની શ્રેષ્ઠ તાલીમશાળા છે.

**લોકશાહીની સફળતા માટે પાંચ બાબતો આવશ્યક છે :**

(૧) કેળવાયેલા (એજયુકેટેડ) મતદારો (૨) સમજુ શાણા પ્રતિનિધિઓ (૩) તટસ્થ અને કાર્યક્ષમ વહીવટીતંત્ર (૪) સ્વતંત્ર નિષ્પક્ષ ન્યાયતંત્ર (૫) મૂળભૂત અધિકારો.

આ પાંચ પાયા પર લોકશાહીની પ્રતિષ્ઠા ઊભી છે. એની સાચવણી જાગૃત નાગરિકે કરવાની છે. ભારતે સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યા છે. સંસદીય લોકશાહી ખૂબી વિરોધપક્ષની અનિવાર્યતામાં રહેલી છે. લોકશાહીમાં સામાન્ય ચૂંટણીમાં બહુમતી બેઠક મેળવનાર પક્ષ પછી બીજા ક્રમે વધુ બેઠકો ધરાવતો પક્ષ અધિકૃત વિરોધપક્ષનું સ્થાન ધરાવે છે. વિરોધપક્ષનો નેતા લોકશાહીનો ત્રીજો સ્તંભ છે. ગૃહની અર્થપૂર્ણ કામગીરીમાં વડાપ્રધાન પછી તે મહત્ત્વની વ્યક્તિ છે. બ્રિટને જેવા પંરપરાયુક્તલોકશાહી દેશમાં તેને સન્માનભેર નામદાર તાજના વિરોધપક્ષ તરીકે ઓળખવામાં આવે છે. સબળ વિરોધપક્ષ લોકશાહીની અનિવાર્ય આવશ્યકતા ગણાય છે. કારણ કે તે લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનું તેમજ જાહેર મતનું ઘડતર કરવામાં અગત્યની અસરકારક ભૂમિકા રચે છે.

**મતદાનનું મહત્ત્વ :-**

લોકશાહીમાં ચૂંટણી એટલે મતદાન અને મતદાનએ ગૃપ્ત અને પવિત્ર કાર્ય છે. ચૂંટણીમાં મત આપનારનું મહત્ત્વ જરાપણ ઓછું અંકાવું જોઈએ નહિ. મત એટલે દરેક વ્યક્તિની અમૂલ્ય થાપણ છે. એનો ચૂંટણી સમયે ઉપયોગ કરવો એ દરેકનો હક્ક છે. ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં કાયદાથી મતદાન ફરજિયાત કરાયું છે. લોકશાહીમાં ચૂંટણી નિમિત્તે લોકમત જાગૃતિ અને એટલું જ નહિ વધુ જવાબદાર અને અસકારક મનાય છે. પ્રજાસત્તાક રાજ્ય રચવું જરાયે સહેલું નથી પણ એને ચલાવવું તો ઘણું અઘરું અને વધારે કપરું છે. લોકશાહી સંપૂર્ણપણે સારી સફળતાજનક જ નીવડી શકે એવો દાવો કરી શકે નહિ. આપણા ભારતમાં વર્તમાન સંજોગોમાં આંતરિક કલહ, ભાષાવાદ, પ્રાંતવાદના ઝઘડાઓ, માઓવાદ, આતંકવાદ કાશ્મીરમાં હિંસાનો પ્રશ્ન, લોકશાહી માટે પડકારરૂપ બન્યો છે. ગાંધીજીના શબ્દો આ તબક્કે યાદ કરવા જેવા છે. લોકશાહીના આ પડાકરને નાથવામાં જો નિષ્ફળ જઈશું તો એશિયા મરી જશે. એ માટે આપણે પ્રતિજ્ઞા લઈએ અને કટિબદ્ધ બનીએ. લોકશાહીનો સાર ગાંધીજીના શબ્દોમાં આપણે યાદ કરીએ.

"પ્રજા મૂળ છે, રાજા મૂળ છે. મૂળ મીઠું થશે તો ફળ મીઠું જ પાડવાનું."

"પ્રજાનું સ્વરાજ એટલે પ્રત્યેક વ્યક્તિના સ્વરાજમાંથી ઉત્પન્ન થયેલું પ્રજાસત્તાક રાજ્ય."

- અરૂણા એસ. સોલંકી (બી.એસ.સી-સેમ-૫ :માઈક્રોબાયોલોજી)

## મારી ક્યાં ના છે ?



નજરની નજદિક આવવાની,
મારી ક્યાં ના છે.
હૃદયના હેતને હિલોળે ચડાવવાની,
મારી ક્યાં ના છે.
લાગણીની લગની લગાવવાની,
મારી ક્યાં ના છે.
દિલની દોરીની ગાંઢ વાળવાની,
મારી ક્યાં ના છે.
લાવે તું ફૂલગજરો
તો કેશમાં ગૂંથવાની ,મારી ક્યાં ના છે.
લાવે તું ચૂડી-ચાંદલો,
તો કંકુના સૂરજ ઉગાડવાની,મારી ક્યાં ના છે.
બની જા હવે તું 'પ્રિયવર' મોરે,
તારી અર્ધાંગિની બનવાની, મારી ક્યાં ના છે.

- ઠાકોર લાલજીભાઈ કાંન્તિભાઈ -'લાલસોનલ'
એમ.એ.સેમે-૪

# આદત થઈ ગઈ છે.





ના હસો કોઈ અમારી ઉજળી હારની પરંપરા ઉપર,
અમને તો બીજાઓને જિતાડવાની આદત થઈ ગઈ છે.


કોઈ નવી છબીનો રંગ દેખાશે નહિ આલ્બમમાં,
જૂની છબીઓને જ જાળવવાની આદત થઈ ગઈ છે.


'બોલે એના બોર વેચાય' કહેવત કદાચ ખોટી નહીં હોય,
પણ 'ના બોલવામાં જ નવ ગુણ' જોવાની આદત થઈ ગઈ છે.

લોકોએ દીધેલા ઘા ઝીલતાં ઝીલતાં આંસુઓના કૂવા છલાઈ ગયા,
હવે સૂકી આંખોને અમથું રોવાની આદત થઈ ગઈ છે.

- ખુશી જે. પટેલ (બી.એ.સેમ.-૨) રોલ નં. ૧૩

# મહિમા તમારા નામનો





જ્યારથી વાગી ગયો છે કાંટો તમારા નામનો,
આંખથી છલકાય છે દરિયો તમારા નામનો.

જે સ્થળે આયનામાં હું રોજ દેખાતો હતો,
ત્યાં હવે દેખાય છે ચહેરો તમારા નામનો,

તમે તો રાધા બની મને પ્રેમ કરતાં રહ્યાં,
હું કૃષ્ણ બની તમારાં દર્શન કરતો રહ્યો.

તમારા અતૂટ સ્નેહે મને ખૂબ રડાવ્યો,
અને તમે હસતાં હસતાં સ્નેહ કરતાં રહ્યાં,

તમને મળતો તો ચહેરા પર હાસ્ય આવી જતું,
તમે દૂર થતાં તો આંખોમાં આંસુ આવી જતાં,

તમારા પ્રેમને રાધાનું નામ આપું કે આપું મીરાંનું નામ
જ્યારથી વાગી ગયો છે કાંટો તમારા નામનો,
આંખથી છલકાય છે દરિયો તમારા નામનો.

- ખુશી જે. પટેલ (બી.એ.સેમ.-૨) રોલ નં. ૧૩

# બી ૨૦ ઓસ્ટ્રેલિયા શિખર મંત્રણા ($B_{20}$)

વ્યાપાર ૨૦ ($B_{20}$) ઓસ્ટ્રેલિયા શિખર મંત્રણા ૧૮ જુલાઈ ૨૦૧૪ માં યોજાઈ હતી. આ શિખર બેઠકમાં જી-૨૦ દેશોના વ્યાપાર વિશ્વના નેતાઓએ આર્થિક અને રોજગાર વૃદ્ધિને ઉત્તેજન આપવા તથા ભવિષ્યમાં ઊભી થનારી સમસ્યાઓ સાથે કામ પાડવા માટે વૈશ્વિક અર્થતંત્રને વધુ લચીલું બનાવવા માટે જી-૨૦ નેતાઓ માટે એક બ્લૂ પ્રિન્ટ (રૂપરેખા) જારી કરી હતી.

- ($B_{20}$) બી ૨૦ શિખર બેઠકનું આયોજન વેસફોર્મર્સના સીઈઓ રિચાર્ડ ગોર્ડરની અધ્યક્ષતામાં કરાયું હતું.
- જી-૨૦ ની નેતાઓ દ્વારા કરાયેલી ભલામણો.
- વિવિધ અને સતત વિકાસ માટે એક તરફી માળખાગત સુધારો અમલી બનાવવો.
- પાયાની સવલતોનું અંતર ઓછું કરવું. જે ૧૦૦ મિલિયન રોજગાર અવસરો તથા ૬ ટ્રિલિયન અમેરિકી ડૉલર ઉત્પન્ન કરી શકે છે.
- યોગ્ય કૌશલ્ય સાથે યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ માનવ મૂડીનું નિર્માણ કરવું.
- નિરંતર તથા સમાવેશી આર્થિક વિકાસ માટે એક શરત જે ખાનગી ક્ષેત્રના રોકાણની પરવાનગી આપે.
- સુરક્ષિત રીતે વિનિયમિત સુલભ તથા સસ્તા ધિરાણો સુનિશ્ચિત કરવા.
- જી-૨૦ સામૂહિક કુલ ઘરેલું ઉત્પાદનમાં ૨% (બે) ટકાની વૃદ્ધિ નો લક્ષ્યાંક રાખ્યો છે.

## બી ૨૦ અંગે...

- વ્યાપાર ૨૦ (બી-૨૦) એક મંચ છે. જે ખાનગી ક્ષેત્રની ૨૦ (જી-૨૦) ના નેતાઓના જૂથની વાર્ષિક બેઠક માટે નીતિવિષયક ભલામણોના ઉત્પાદનનું માધ્યમ છે. મજબૂત, ટકાઉ તથા સંતુલિત વિકાસના મુખ્ય ચાલક બળ તરીકે ખાનગી ક્ષેત્રની ભૂમિકાને પ્રતિબિંબિત કરવા માટે જી-૨૦ ના સભ્ય દેશોમાંથી વ્યાપાર જગતના નેતાઓને એક સાથે લાવે છે. બી-૨૦ પ્રેસિડેન્સી દરમિયાન એક વ્યાપાર શિખર બેઠક તરીકે બોલાવાઈ હતી. બીજી B20 શિખર બેઠક કોરિયાની અધ્યક્ષતામાં આયોજિત કરાઈ હતી.
- ઈ.સ. ૨૦૧૧ માં ત્રીજી બેઠક ફ્રન્સની જી-૨૦ અધ્યક્ષતા અન્વયે યોજાઈ હતી.

# શું ચડે - કૌશલ્ય કે ચારિત્ર્ય ?

### પૂર્વભૂમિકા : બહારનું જીવન જીવો, ભીતરની સચ્ચાઈપૂર્વક

મનુષ્યે સદીઓ પૂર્વે માનવ-ચારિત્ર્યનો જે પાયો નાંખેલો છે તેના પર બાંધકામ કરતાં કરતાં આપણે વ્યક્તિત્વ-વિકાસના મકાનમાં જ એટલા ખોવાઈ ગયા છીએ કે એ મકાન જેના પર ઊભું છે તે પાયાને જ ભૂલી ગયા છીએ.

વ્યક્તિ-કેન્દ્રિત વિકાસ તાલીમ-કાર્યક્રમોની કોઈ જ જરૂર નથી તેવું આપણે કહેવા માગતા નથી. વાતચીતમાં કુશળતા, હકારાત્મક અભિગમ અને અસરકારક વ્યૂહરચનાઓ - આ બધી વ્યક્તિત્વ વિકાસની પદ્ધતિઓ લાભકારક છે. તેટલું જ નહીં, તે સફળતા માટે કેટલાક સંજોગોમાં જરૂરી પણ હોઈ શકે છે. પણ આ બધી સફળતા માટેની પ્રાથમિક આવશ્યકતાઓ નથી. મારે જે જોઈએ તે લોકો પાસે કેવી રીતે કરાવવું, બીજા મનુષ્યોને હું વધુ પસંદ કેવી રીતે પડી શકું, લોકો વધુ ઉત્સાહથી કામ કેવી રીતે કરે, વગેરે સાથે મારું ચારિત્ર્ય મેળ ન ખાતું હોય, જો હું ખરેખર સહૃદયી ન હોઉં અને બનાવટ કરતો હોઉં તો લાંબા ગાળે હું સફળ થઈ શકીશ નહીં. બધી જ જનસંપર્ક (Public Relationship) પદ્ધતિઓના પાયામાં જો વિશ્વાસ જ ન હોય તો શબ્દો ગમે તેટલા રૂપાળા લાગે, ઈચ્છા પણ ગમે તેટલી શુભ હોય, પણ એ બધી પદ્ધતિઓ ચાલાકીઓ જ લાગશે. મનુષ્યની સચ્ચાઈ એની સદ્ભાવનાઓ જ છેવટે પદ્ધતિઓમાં પ્રાણ પૂરી શકે છે.

કેળવ પદ્ધતિઓ ઉપર જ ભાર મૂકવો એટલે જાણે શાળા / કોલેજમાં ગોખી ગોખીને પાસ થયે રાખવું. આમ કરવામાં કદાચ બહુ સારા ટકા પણ પ્રાપ્ત થાય તેમ બંને. પણ જો સમજીને મહેનત કરવામાં ન આવે તો તમે સાચા અર્થમાં વિષયો પર પ્રભુત્વ મેળવી શકતા નથી.

આમ ગોખવાની પદ્ધતિનો ખેતરમાં અમલ કરવો કેવું હાસ્યાસ્પદ અને મૂર્ખામીભર્યું લાગશે તેવી કલ્પના કરો-આખા ચોમાસા દરમ્યાન વાવણી ન કરવી. શિયાળામાં પણ રખડી ખાવું અને પછી વસંતમાં પાકને લણવા જવું શક્ય બનશે ? ખેતર એ એક કુદરતી વ્યવસ્થા છે. અહીં, જે કુદરતી પ્રક્રિયા છે તેને અનુસરવાની કિંમત ચૂકવવી જ પડે છે.

**તમે જેવું વાવો,**
**અને જેવી કાળજી રાખો**
**તેવું જ લણો.**

આનો બીજો કોઈ જ ટૂંકો રસ્તો નથી.

આ સિદ્ધાન્ત છેવટે મનુષ્યની વર્તણૂંક બાબતે પણ એટલો જ સાચો છે. અહીં પણ 'વાવે તેવું જ લણે' જેવી કુદરતી વ્યવસ્થા છે. શાળા / કોલેજની અકુદરતી વ્યવસ્થાઓમાં મનુષ્યોના બનાવેલા નીતિ-નિયમો સાથે કેમ ચાલાકીપૂર્વક રમવું અને સફળ થઈ જવું, તેવું તમે કદાચ શીખી શકશો. કોઈ મનુષ્ય સાથેના એકાદ વખતના વ્યવહારમાં કે ટૂંકા ગાળાના સંબંધોમાં તમે 'આકર્ષક વ્યક્તિત્વ' થી અને તમારી વાતચીતથી કુશળતાથી, તેના શોખમાં તમને રસ છે તેવો ઢોંગ કરવાથી ઈચ્છિત પરિણામો મેળવી શકો તેમ બને. પરંતુ આવી છીછરી અને ગૌણ બાબતો છેવટે લાંબા ગાળાના સંબંધોમાં કામ આવી શકતી નથી. છેવટે જો તમારી પાસે ચારિત્ર્યની મૂળભૂત શક્તિ અને એકસૂત્રતા નહીં હોય તો જીવનના પડકારો તમારા સાચા ઈરાદાઓને સપાટી પર લાવશે જ અને 'ટૂંકા ગાળાની સફળતાઓ' છેવટે 'મનુષ્ય-સંબંધોમાં નિષ્ફળતાઓ' માં ફેરવાઈ જશે.

તમે જોશો કે ઘણા મનુષ્યો ગૌણ મહત્ત્વની બાબતોમાં કૌશલ્ય ધરાવતા હોય છે (એટલે કે તેઓ તેમની આવડતોના જોરે સામાજિક પ્રતિષ્ઠા ધરાવતા હોય છે), પરંતુ તેઓ બુનિયાદી મહત્ત્વ ધરાવતી બાબતે (એટલે કે ચારિત્ર્યની બાબતે) ખૂબ નબળા હોય છે, તેથી છેવટે વહેલા-મોડા તેમના બધા જ સંબંધોમાં એક પ્રકારની કટોકટી ઊભી થાય છે, આપણે વાતચીતની કળામાં ગમે તેટલા પાવરધા હોઈએ, છેવટે તો ચારિત્ર્ય જ વધુ બોલકું સાબિત થતું હોય છે. એમર્સનના શબ્દોમાં-

**તમે ખરેખર જે છો તે એટલું જોરશોરથી પોકારી રહ્યું છે,**
**કે તમે જે કહી રહ્યા છો તે હું સાંભળી શકતો નથી.**

તેથી છેવટે તો આપણે જે છીએ તે આપણે જે બોલીએ છીએ કે કરીએ છીએ તે સૌ કરતાં વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે - અને આપણે સૌ આ જાણીએ જ છીએ. છતાં આ બાબતે આપણે જરા વધુ સ્પષ્ટતાપૂર્વક સમજીએ.

કેટલાક એવા મનુષ્યો હોય છે કે જેમની ઉપર આપણે સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકીએ છીએ. ભલે તેઓ બોલકા હોય કે ન હોય. તેમની પાસે આકર્ષક જનસંપર્ક પ્રવૃત્તિઓ હોય કે ન હોય, આપણે તેના પર વિશ્વાસ મૂકી શકીએ છીએ અને આપણે તેમની સાથે સફળતાપૂર્વક કામ કરી શકીએ છીએ.


દરેક વ્યક્તિના હાથમાં પ્રાકૃતિક રીતે શુભ અથવા અનિષ્ટકારી અસર કરી શકવા માટે
એક આશ્ચર્યજનક શક્તિ મુકાયેલી છે. તેના મૌન અસ્તિત્વમાંથી જ
આ અસર અજાગૃત અને અદશ્યપણે પ્રગટતી હોય છે.
એ મનુષ્ય ખરેખર પોતે જ છે.
તેમાંથી જ સતત પ્રગટતી આ અસર હોય છે -
તે પોતે જ હોવાનો દેખાડો કરે છે. તેની આ અસર હોતી નથી.
જીવનનો સૌથી મોટો ન્યાય એ બાબતમાં છે કે
આ વિશ્વનો કોઈ મનુષ્ય
હૃદયપૂર્વક સ્વયંને મદદ કર્યા સિવાય
અન્યને મદદ કરી શકતો નથી.


આપણે જે ઈચ્છીએ તે આપણને જીવનમાં મળતું નથી.
આપણે જેવા છીએ તે પ્રમાણે આપણને જીવનમાં મળે છે.
આપણે પહેલાં આપણી આદતો બનાવીએ છીએ.
ત્યારપછી આપણી આદતો આપણને બનાવે છે.




(પૂર્વભૂમિકા : બહારનું જીવન જીવો, ભીતર સચ્ચાઈપૂર્વક)

# વિશ્વની સૌથી મોટી દસ લાઈબ્રેરીઓ







| ક્રમ | નામ-સ્થળ | સ્થાપના | પુસ્તકો |
|---|---|---|---|
| ૧ | લાયબ્રેરી ઓફ કોંગ્રેસ - વોશિંગ્ટન-યુ.એસ.એ. | ૧૮૦૦ | ૨,૪૬,૧૬,૮૮૭ |
| ૨ | નેશનલ લાયબ્રેરી ઓફ ચાયના - (બીજીંગ-ચીન) | ૧૯૦૯ | ૨,૦૦,૦૦,૦૦૦ |
| ૩ | નેશનલ લાયબ્રેરી ઓફ કેનેડા ઓરાવા (કેનેડા) | ૧૯૫૩ | ૧,૬૦,૦૦,૦૦૦ |
| ૪ | ડોઈચ બિબ્લિયોટેક ફ્રંક, ફર્ટ, જર્મની | ૧૯૯૦ | ૧,૬૯,૯૭,૦૦૦ |
| ૫ | બ્રિટીશ લાયબ્રેરી - લંડન-યુ.કે. | ૧૭૫૩ | ૧,૫૦,૦૦,૦૦૦ |
| ૬ | હાર્વર્ડ યુનિવર્સિટી લાયબ્રેરી-કેમ્બ્રિજ મેસેચ્યુસેટ્સ-યુ.એસ.એ. | ૧૬૩૮ | ૧,૪૧,૦૦,૭૦૪ |
| ૭ | વર્નાદસ્કી સેન્ટ્રલ કેવ યુક્રેન સાઈન્ટિફિક લાયબ્રેરી ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સીઝ | ૧૯૧૯ | ૧,૩૦,૦૦,૦૦૦ |
| ૮ | રશિયન સ્ટેટ લાયબ્રેરી મોસ્કો- રશિયા | ૧૮૬૨ | ૧,૧૭,૫૦,૦૦૦ |
| ૯ | બિબ્લિયોક પેરિસ (ફ્રાંસ) નેશનલ દ પેરિ | ૧૪૦૦ | ૧,૧૦,૦૦,૦૦૦ |
| ૧૦ | ધ ન્યૂયોર્ક પબ્લિક લાયબ્રેરી -ન્યૂયોર્ક (યુ.એસ.એ.) | ૧૮૯૫ | ૧,૦૪,૨૧,૬૯૧ |



## શું ! એના.. માટે !

પુસ્તક જ્ઞાન માટે છે, દેખાવ માટે નથી,
જિંદગી જીવવા માટે છે, વેડફી દેવા માટે નથી.
આબરૂ ટકાવી રાખવા માટે છે, નીલામ કરવા માટે નથી.
ઘડિયાળ સમય જોવા માટે છે, વેડફી નાખવા માટે નથી.
લક્ષ્મી દાન કરવા માટે હોય છે, સંગ્રહ કરવા માટે નહિ.
પુસ્તકો વિનાનું ઘર એટલે, બારીઓ વિનાના ઓરડા જેવું છે.



# તસવીર બોલે છે....



કોલેજમાં તા. ૨૧-૬-૨૦૧૬ ના દિવસે ઈન્ટરનેશલ 'યોગા ડે'માં ભાગ લેતા કોલેજના વિદ્યાર્થીઓ



તા. ૨૨-૬-૨૦૧૬ ના દિવસે કોલેજના પ્રવેશોત્સવ પ્રસંગે કોલેજમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારતા કોલેજના પ્રિ. ડૉ. વિમલ એસ. જોષી



તા. 3-૯-૨૦૧૬ ના દિવસે કોલેજમાં 'ટીચર્સ-ડે' (શિક્ષક દિન) ઉજવાયો. જેમાં પ્રતિભાવ આપતા ડૉ. અલ્પેશભાઈ પ્રજાપતી



ગુજરાત સ્ટેટ ઓપન પાવર લિફ્ટીંગ વુમન ચેમ્પીયનશીપમાં સુંદર દેખાવ કરતી કોલેજની વિદ્યાર્થીનીઓ




તા. ૨૯-૬-૨૦૧૬ ના દિવસે કોલેજમાં બ્લડગૃપ ચેકીંગ કેમ્પ યોજાયો.




તા. ૧૨-૯-૨૦૧૬ ના રોજ કોલેજમાં માઈક્રોબાયોલાજી વિભાગના અધ્યક્ષ પ્રો. બી.ડી.જોષીની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન ટીમને માર્ગદર્શન અપાયું.



તા. ૩૦-૧-૨૦૧૭ ના દિવસે કોલેજના વિદ્યાર્થીઓએ શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ અર્પી.




તા. ૩૦-૧-૨૦૧૭ ના રોજ કોલેજમાં સંસ્કૃત વિભાગ દ્વારા "બુધ્ધ ચરિતમ્" ઉપર સેમિનાર યોજાયો.




તા. ૪-૨-૨૦૧૭ના રોજ કોલેજના સમાજ શાસ્ત્રવિભાગના વિદ્યાર્થીઓએ જાગૃત મહિલા સંગઠન પેટલાદની રૂબરૂ મુલાકાત લીધી.



કોલેજમાં માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રાયોગીક કાર્ય કરતા વિદ્યાર્થીઓ



જાગૃત મહિલા સંગઠન, પેટલાદના ઉપક્રમે અંધજન અપંગ વિકાસ મંડળ, મોગરી ખાતે કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી.



તા. ૧૪-૨-૨૦૧૭ના દિવસે કોલેજના મેથેમેટીકસ વિભાગમાં "Assembly of Mathematics" ઉપર વિચારો રજુ કરતા વિદ્યાર્થીઓ.

## માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિદ્વારા સમાજમાં ઊંચા શિખરોસર કરી, તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચાર્યુ છે તેને તેઓ એ પોતાના શબ્દોમાં વ્યકત કરવા પ્રયત્નો કર્યો છે. આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ____________________

From :

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬